| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **નવસારી કૃષિ યુનિવર્સિટી**<br>**એરૂ ચાર રસ્તા, નવસારી** |
| --- | --- |
| ડૉ. એમ. એસ.પુરોહીત<br>ઈ/ચા. કુલસચિવ | ફોન : ૦૨૬૩૭ / ૨૮૨૭૭૧ – ૭૫ (એક્ષ.૧૧૩૨)<br>ફેકસ : ૦૨૬૩૭–૨૮૩૭૯૪<br>E-mail : registrarnau@yahoo.co.in M.No. 9825136793 |

બિડાણઃ નામ. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૦.૯.૨૦૧૨ના ઠરાવક્રમાંક ગકવ–૧૪૨૦૦૬–૩૧૮૮–ક.ર.

વિષયઃ– અગ્રિમ ઈજાફા રદ કરવા બાબત.

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧–૧/૧૮૦૧૧–૬૦/૨૦૧૨ તા. ૨૦.૯.૨૦૧૨

નકલ સવિનય રવાના :

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

૨/– આ સાથે સામેલ નામ. સરકારશ્રીના પત્રમાં જણાવ્યા મુજબની માહીતી ઉલટ ટપાલે અત્રે બિનચૂક મોકલી આપવા વિનંતી

ઉપરોકત માહીતી નામ. સરકારશ્રીમાં રજુ કરવાની હોય, સદર બાબતને ટોચ અગ્રીમતા આપવા વિનંતી.

કુલસચિવ

સામેલ : ઉપર મુજબ

નકલ સવિનય રવાનાઃ

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારૂ.

એસ.કે.પટેલ
ઉપસચિવ
(કૃષિ યુનિ.)

**BY FAX**

સ્મૃતિપત્ર–૧

ક્રમાંકઃ–ગકવ–૧૪૨૦૧૦–૩૧૮૮–ક.૨
કૃષિ અને સહકાર વિભાગ,
બ્લોક નં. ૫, પ્રથમ માળ,
ગુજરાત સ નવા સચિવાલય,
ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોન નં.૦૭૯–૨૩૨૫૪૫૫૦
તા.૨૦/૦૯/૨૦૧૨

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
**આણંદ / જુનાગઢ / નવસારી / દાંતીવાડા.**

વિષય :– અગ્રિમ ઈજાફા રદ કરવા બાબત...

ઉપરોક્ત વિષય બાબતે વિભાગના તા.૧૬.૭.૨૦૧૨ ના સરખા ક્રમાંકના ઠરાવથી અગ્રિમ ઈજાફા બાબતે સ્પષ્ટતાઓ કરવામાં આવેલ હતી પરંતુ કૃષિ યુનિવર્સિટીઓ ધ્વારા ઠરાવના અર્થઘટનમાં થયેલ ગેરસમજના અનુસંધાને તા.૪.૯.૨૦૧૨ ના રોજ સુધારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો. વધુમાં સંયુકત સચિવશ્રી એમ.એમ.જોષીના સરખા ક્રમાંકના તા.૪.૯.૨૦૧૨ ના પત્રથી જરૂરી કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવેલ હતી. ઉપરોક્ત સંદર્ભે ચારેય કૃષિ યુનિવર્સિટીઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અને જે કિસ્સાઓમાં ગેરસમજના કારણે અગ્રિમ ઈજાફાઓ આપી દેવામાં આવેલ હોય તેની વિગતો નીચેના પત્રકમાં આ વિભાગની જાણ હેઠળ રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદને સંકલિત કરવા સારૂ મોકલી આપવા વિનંતી છે.

| ક્રમ | અધિકારીનું નામ | ગેરસમજથી આપવામાં આવેલ અગ્રિમ ઈજાફાના હુકમની તારીખ | આવો હુકમ રદ કર્યા તારીખ | વસુલ કરવાની થતી રકમ | વસુલ કરેલ રકમ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |

(એસ.કે.પટેલ)
ઉપ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

**નકલ રવાના :**

સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર–૧૦–એ, ગાંધીનગર....તરફ ચારેય કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી દિન–૭ માં વિભાગને રજૂ કરવાની વિનંતી સાથે.

રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીમાં વિવિધ સંવર્ગોમાં ફરજો બજાવતાં કર્મચારી / અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ગકવ–૧૪૨૦૧૦–૩૧૮૮–ક.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 16 JUL 2012

**વંચાણમાં લીધા :-**

૧. નાણા વિભાગના તા.૨૬.૪.૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ- પગર-૧૦૨૦૦૦-૮૯૧-ચ.
૨. કૃષિ અને સહકાર વિભાગનો તા.૭.૬.૨૦૧૧ નો સરખા ક્રમાંકનો પત્ર.
૩. કૃષિ અને સહકાર વિભાગનો તા.૧.૧૦.૧૯૯૯ નો ઠરાવ ક્રમાંકઃ-કૃકેવી-૧૦૯૯-૭.૧-ક.૨
૪. ભારત સરકારના કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણ વિભાગના તા.૩.૩.૧૯૯૯ ના પત્રક્રમાંકઃ- F.No.1 (15) 98-Per-IV.

**આ મુ ખઃ-**

ભારત સરકારની તા.૩.૩.૧૯૯૯ ની ગાઈડલાઈન મુજબ Ph.D. / M.Phil. ની લાયકાત ધરાવનારને અગ્રિમ ઈજાફાની જોગવાઈ કરવામાં આવેલ હતી. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંકઃ-(૩) આગળ દર્શાવેલ તા.૧.૧૦.૧૯૯૯ ના ઠરાવથી કેરીયર એડવાન્સમેન્ટ તેમજ ઈન્સેટીવ તરીકે અગ્રિમ ઈજાફાઓ આપવાની જોગવાઈ થયેલ હતી. પરંતુ, નાણાં વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંકઃ-(૧) આગળ દર્શાવેલ તા.૨૬.૪.૨૦૦૦ ના ઠરાવથી જુદા-જુદા વહીવટી વિભાગો દ્વારા તેમના તાબા હેઠળનાં સંવર્ગો માટે બહાર પાડવામાં આવેલ અગ્રિમ ઈજાફાના હુકમો તા.૨૬.૪.૨૦૦૦ બાદ રદ્દ કરવામાં આવેલ છે. પરંતુ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા અગ્રિમ ઈજાફાઓ આપવાનું ચાલુ રાખવામાં આવેલ હતું. આથી, તા.૨૬.૪.૨૦૦૦ પછી કોઈપણ કર્મચારીને આવા અગ્રિમ ઈજાફાઓ આપવામાં આવેલ હોય તો તે મુજબ ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ અગ્રિમ ઈજાફાને રદ્દ કરી નાણા વિભાગના પ્રસ્તુત ઠરાવનો અમલ નહીં કરવાનાં કારણે જો કોઈ ચૂકવણું કરવામાં આવેલ હોય તો તેની વસુલાત કરી સરકારશ્રીને જાણ કરવા વિભાગના વંચાણે લીધા ક્રમાંકઃ-(૨) તા.૭.૬.૨૦૧૧ ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. આ પરિપત્ર સંદર્ભે નીચેની વિગતે સ્પષ્ટતાઓ કરવામાં આવે છે અને રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ તેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(પાછળ...)

આ મુજબ અમલ કરવો.

NAU / PSR / 1447 / 12
Dt. 20 / 7 / 12

IPSVC/File 608/12
No.: 19/07/12
Date - 20/7/12

**ઠ રા વ :-**

આથી પુખ્ત વિચારણાને અંતે રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં જે કર્મચારી / અધિકારીઓ તા.૨૬.૪.૨૦૦૦ પહેલાં નિમણૂક પામેલ હોય તેમને ચૂકવવામાં આવતા અગ્રિમ ઈજાફા ચાલુ રાખવા અને ભવિષ્યમાં પણ તેની અસર ચાલુ રાખવાની રહેશે. પરંતુ, તા.૨૬.૪.૨૦૦૦ બાદ નિમણૂક અપાયેલ હોય અને શરતચૂકથી પરિપત્રનું ખોટું અર્થઘટન કરી અગ્રિમ ઈજાફા ચૂકવાયેલ હોય તેવા તમામ કેસોમાં અગ્રિમ ઈજાફાં પરત મેળવવાનાં રહેશે. એટલે કે તા.૨૬.૪.૨૦૦૦ પહેલાં નિમણૂક પામેલ કર્મચારી / અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવાનાં રહેશે અને તા.૨૬.૪.૨૦૦૦ બાદ નિમણૂક પામેલ કોઈપણ કર્મચારી / અધિકારીને અગ્રિમ ઈજાફા મળવાપાત્ર નથી તેવું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાનક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૭.૭.૨૦૧૨ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એસ.કે.પટેલ)
ઉપ સચિવ (કૃ.યુ.)
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ.

- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલસચિવશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-દાંતીવાડા.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ,કૃષિભવન.સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ, સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓની કચેરીઓ.
- સર્વે માન્ય કર્મચારી / અધિકારીઓના મંડળો (મારફત સંબંધિત કૃષિ યુનિવર્સિટી)
- સેકશન અધિકારીશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર। સદર પરિપત્રની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવા વિનંતી છે)
- સીલેકટ ફાઈલ.
- શાખા કલેકશન, ક-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ.